RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✱Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✱ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✱Volume : 11 ✱ Issue No. 145 ✱Date: 17.03.2025,Monday ✱Page :04 ✱Rs. 1.00/- ✱Annual Rs. 351/-

## ટ્રમ્પની હવે પાકિસ્તાન સહિત ૪૩ દેશો પર પ્રવાસ પ્રતિબંધ મૂકવા તૈયારી



વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા કાર્યકાળની શરૂઆતમાં જ ઈરાન સહિત સાત મુસ્લિમ દેશોના નાગરિકો પર અમેરિકામાં પ્રવેશવા સામે પ્રતિબંધ મૂકી દીધો હતો. ટ્રમ્પ બીજા કાર્યકાળમાં એક ડગલું આગળ વધીને દુનિયાના ૪૩ દેશોના નાગરિકોના અમેરિકા પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યા છે. જોકે, આ વખતે ટ્રમ્પે આ દેશોને ત્રણ જૂથમાં વિભાજિત કર્યા છે, જેમાં રેડ લિસ્ટમાં સામેલ ૧૧ દેશોના નાગરિકો પર તમામ પ્રકારનો પ્રતિબંધ મૂકાશે જ્યારે ઓરેન્જ લિસ્ટના દેશોના નાગરિકોને વેપાર માટે વિઝા અપાશે. યલો લિસ્ટમાં સામેલ ૨૨ દેશોને પ્રતિબંધોથી બચવા ૬૦ દિવસનો સમય અપાયો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળતા જ અનેક આદેશો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં એક આદેશમાં તેમણે વિદેશી નાગરિકો માટે આકરી સુરક્ષા તપાસ ફરજિયાત કરાવી હતી. આ સાથે કેબિનેટ અધિકારીઓને ૨૧ માર્ચ સુધીમાં એવા દેશોની યાદી રજૂ કરવા નિર્દેશ અપાયા હતા, જ્યાં અપર્યાપ્ત તપાસ અને સ્ક્રીનિંગ પ્રક્રિયાઓના કારણે તેના નાગરિકોના પ્રવાસ પર સંપૂર્ણપણે અથવા આંશિકરૂપે પ્રતિબંધિત મૂકવો જોઈએ. અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા માટે આ પગલું લેવામાં આવી શકે છે. જોકે, આ યાદી હજુ તૈયાર થઈ નથી અને તેમાં ફેરફારની પણ શક્યતા છે. જોકે, તેને વિદેશ મંત્રી માર્કો રુબિયોની સંમતિ તેમજ તંત્રની મંજૂરીની જરૂર રહેશે. અમેરિકા જે ૪૩ દેશોના નાગરિકો પર પ્રવાસ પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે તેને ત્રણ જૂથમાં વિભાજિત કરાયા છે. રેડ લિસ્ટમાં સામેલ ૧૧ દેશોના નાગરિકો પર સંપૂર્ણ પ્રવેશ પ્રતિબંધ મૂકાશે.

બીજા જૂથમાં ઓરેન્જ યાદીમાં ૧૦ દેશોનો સમાવેશ કરાયો છે. આ દેશોના ધનિક ઉદ્યોગપતિ-વેપારીઓને વેપાર માટે વિઝા અપાશે, પરંતુ તેમના ઈમિગ્રેશન અને પ્રવાસી વિઝા નહીં અપાય. આ દેશોના નાગરિકોએ આકરી તપાસ પ્રક્રિયા અને ફરજિયાત વ્યક્તિગત વીઝા ઈન્ટરવ્યૂનો સામનો કરવો પડશે.ત્રીજા જૂથમાં યલો લિસ્ટમાં ૨૨ દેશોનો સમાવેશ કરાયો છે. આ દેશોને પ્રવાસ પ્રતિબંધથી બચવા માટે સુરક્ષા ખામીઓ દૂર કરવા ૬૦ દિવસનો સમય અપાશે. ત્યાર પછી આ દેશોનો રેડ અથવા ઓરેન્જ લિસ્ટમાં સમાવેશ કરાશે. આ જૂથમાં મોટાભાગે આફ્રિકા અને કેરેબિયન દેશોનો સમાવેશ કરાયો છે.ટ્રમ્પના સંભવિત પ્રતિબંધની સૌથી મોટી અસર ભારતના પડોશી દેશો પાકિસ્તાન, મ્યાંમાર, ભૂતાન પર પડશે. સૂત્રો મુજબ અફઘાનિસ્તાનનો સમાવેશ રેડ લિસ્ટમાં કરાયો છે. જોકે, તાલિબાનના સત્તા પર આવતા ત્યાંથી આવેલા શરણાર્થીઓ અને સ્પેશિયલ ઈમિગ્રન્ટ વિઝા (એસઆઈવી) ધારકોને આ પ્રતિબંધથી બચાવવાનો પ્રયાસ કરાશે. આ સમાચાર પછી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને પ્રવાસી સમુદાયમાં ચિંતા વધી ગઈ છે. ટ્રમ્પે તેમના ચૂંટણી અભિયાનમાં 'વૈચારિક તપાસ' લાગુ કરવા અને કટ્ટરપંથીઓને અમેરિકામાં પ્રવેશતા રોકવાનું વચન આપ્યું હતું.

અમેરિકાનાં વિશ્વવિખ્યાત વર્તમાનપત્ર ન્યૂયોર્ક ટાઈમ્સ જણાવે છે કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલી ટર્મમાં ૭ મુસ્લીમ દેશોના નાગરિકો ઉપર સંપૂર્ણ પ્રવાસ પ્રતિબંધ મુક્યો હતો અને તે માટે દેશની આંતરિક સલામતીનું કારણ પણ જણાવ્યું હતું. અમેરિકાની સુપ્રીમકોર્ટે પણ તે પ્રતિબંધ મંજૂર રાખ્યો હતો.

## ગોલ્ડ સ્મગલિંગ કેસમાં કર્ણાટક સરકારની મોટી કાર્યવાહી, એક્ટ્રેસ રાન્યાના પિતાને ફરજિયાત રજા પર મોકલી દેવાયા





ગોલ્ડ સ્મગલિંગ (સોનાની દાણચોરી) કેસમાં ધરપકડ કરાયેલી એક્ટ્રેસ રાન્યા રાવના પિતા ડીજીપી રામચંદ્ર રાવ પર પણ શંકાના ઘેરામાં આવી ગયા છે. કર્ણાટક સરકાર દ્વારા શરૂ કરાયેલી તપાસ બાદ તેમને ફરજિયાત રજા પર મોકલી દેવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, વરિષ્ઠ પોલીસ અધિકારીની દીકરી કન્નડ એક્ટ્રેસ રાન્યા રાવને ડ્રઈ એ ૪ માર્ચ, ૨૦૨૫ ના દિવસે બેંગલુરૂના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટથી ધરપકડ કરી હતી. તે દુબઈથી ૧૪.૮ કિલોગ્રામ સોનાની દાણચોરી કરીને લાવવાનો પ્રયાસ કરી રહી હતી. આ સોનાની કિંમત લગભગ ૧૨ કરોડ રૂપિયા છે. રાન્યા રાવે ૬ માર્ચ, ૨૦૨૫ના રોજ બેંગલુરુમાં ના એડિશનલ ડાયરેક્ટર જનરલને લખેલા પત્રમાં દાવો કર્યો હતો કે તેમના પર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો છે.ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ(ડ્રઈ)એ કોર્ટને જણાવ્યું હતું કે, કર્ણાટક પોલીસ પ્રોટોકોલ ઓફિસરનો ઉપયોગ રાન્યા રાવ સાથે જોડાયેલી સોનાની દાણચોરી ગેંગમાં થતો હતો. રાન્યાને જામીન આપવા સામેની દલીલમાં, કેન્દ્રીય એજન્સીએ આર્થિક ગુનાઓ માટેની વિશેષ અદાલતને જણાવ્યું હતું કે આરોપી આ વર્ષે જાન્યુઆરીથી ૨૭ વખત દુબઈ ગઈ છે. 'અત્યાર સુધીની તપાસમાં સોનાની દાણચોરીમાં ઉપયોગમાં લેવાતી મોડસ ઓપરેન્ડી, સુરક્ષાને બાયપાસ કરવા માટે રાજ્ય પોલીસ પ્રોટોકોલ ઓફિસરનો ઉપયોગ, સોનું ખરીદવા માટે ભારતમાંથી દુબઈમાં પૈસા ટ્રાન્સફર કરવા માટે હવાલા વ્યવહારો અને એક મોટી ગેંગની સંડોવણીનો ખુલાસો થયો છે.' આ દલીલો બાદ, કોર્ટે શુક્રવારે રાન્યાને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. એડિશનલ ડાયરેક્ટર જનરલને લખેલા પત્રમાં રાન્યાએ ખુદને નિર્દોષ જણાવતા કહ્યું કે, 'મને ખોટા કેસમાં ફસાવવામાં આવી છે. મારી વિમાનની અંદરથી જ ધરપકડ કરી લેવામાં આવી હતી અને ડ્રઈએ મને સ્પષ્ટીકરણ આપવાની તક આપ્યા વિના ધરપકડ કરી લીધી હતી. જ્યારે મારી અટકાયત કરવામાં આવી, ત્યારથી લઈને કોર્ટમાં રજૂ કરવા સુધી મને શારીરિક રૂપે પ્રતાડિત કરવામાં આવી હતી. જે અધિકારીઓને હું ઓળખી શકું છું ૧૦-૧૫ વાર થપ્પડ માર્યા. વારંવાર મારપીટ છતાં મેં તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલાં નિવેદનો પર સહી કરવાનો ઈનકાર કરી દીધો.'

આ પહેલાં પણ જ્યારે રાન્યાને આર્થિક ગુનાની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી તો કોર્ટે રાન્યાને અનેક સવાલ પૂછ્યા હતાં. કોર્ટે એક્ટ્રેસને પૂછ્યું હતું કે, 'તમને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો?' ત્યારે એક્ટ્રેસ કોર્ટમાં રડી પડી અને તેણે ડીઆરઆઈ અધિકારીઓ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો. ત્યારબાદ કોર્ટે રાન્યાને પૂછ્યું કે, 'શું તમને મેડિકલ સારવાર મળી હતી?' આ સવાલના જવાબમાં એક્ટ્રેસે ધ્રુજતા અવાજમાં દાવો કર્યો કે, તેને માનસિક ત્રાસનો સામનો કરવો પડ્યો છે.

## મહિલાઓ દુષ્કર્મની જુઠ્ઠી ફરિયાદ કરે જ નહીં તેવી માન્યતા જ ખોટી, કેરળ હાઈકોર્ટનું મોટું નિવેદન




ભારતીય મહિલાઓ ક્યારેય પણ શારીરિક શોષણની જુઠી ફરિયાદ કરી જ ના શકે આ પ્રકારની ધારણા ખોટી છે તેમ કેરળ હાઈકોર્ટે કહ્યું હતું. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે પુરુષ સાથે સ્કોર સરખો કરવાના ચક્કરમાં છેલ્લા કેટલાક વર્ષોથી મહિલાઓ દ્વારા જુઠા કેસો કરવાનું પ્રમાણ વધ્યું છે. લગ્નની લાલચ આપી રેપ કર્યાની ફરિયાદ મામલે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ અવલોકન કર્યું હતું. કેરળ હાઈકોર્ટના ન્યાયાધીશ એ બદરુદીને કહ્યું હતું કે આવા જુઠા કેસો વધી રહ્યા છે તેથી કહી શકાય કે મહિલાઓ ક્યારેય જુઠા કેસો ના કરી શકે તેવી ધારણાને તમામ મામલા સાથે ના જોડવી જોઇએ. આઇપીસીની કલમ ૩૭૬ હેઠળ રેપની ફરિયાદ સામે આરોપી દ્વારા કેરળ હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ મામલામાં એવો આરોપ લગાવાયો હતો કે લગ્નના જુઠા વચન આપીને રિલેશનશિપમાં જોડાયો હતો અને બાદમાં રેપ કર્યો હોવાનો મહિલાએ દાવો કર્યો હતો. બીજી તરફ જે મહિલાએ પોતાના પૂર્વ પાર્ટનર પર રેપની ફરિયાદ કરી હતી તેણે કોર્ટમાં આશ્ચર્યજનક રીતે યુ-ટર્ન લીધો હતો અને કહ્યું હતું કે આરોપી સામેની કાર્યવાહી રદ કરવામાં આવે તો તેની સામે મને કોઇ વિરોધ નથી. દરમિયાન સરકારી વકીલે કહ્યું હતું કે મહિલાએ ખૂદ કહ્યું હતું કે તેના પર રેપ થયો છે માટે આ ફરિયાદ રદ ના કરી શકાય. બાદમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે ઘટના ૨૦૧૪માં બની અને ગુનાની ફરિયાદ ૨૦૧૯માં કરાઇ, ૨૦૧૬માં મહિલાએ ફરિયાદ કરી હતી પરંતુ તપાસ ના થઇ શકી કેમ કે આરોપી પુરુષે તે સમયે લગ્નનું વચન આપ્યું હતું. શું ખરેખર મહિલાની ફરિયાદ હકીકતના આધારે છે કે કેમ તે કહેવુ મુશ્કેલ છે. બાદમાં હાઈકોર્ટે અપીલને સ્વીકારી હતી અને આરોપી સામેની તમામ કાર્યવાહી રદ કરવાનો આદેશ આપ્યો હતો.

## ભરૂચમાં દારૂનો ધંધો કરવા પોલીસના જ દબાણથી કંટાળી યુવાને ઝેર ગટવટાવી જીવન ટૂંકાવ્યું




ભરૂચ નજીક આવેલા કવિઠા ગામમાં નબીપુરના પીઆઇ તેમજ બે કોન્સ્ટેબલો દારૂ વેચવા માટે દબાણ કરે છે તેવા અનેક આક્ષેપો સાથેની સ્યૂસાઇડ નોટ લખીને ધુળેટીના દિવસે જ એક ખેતરમાં જઇને ગામના યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઇ છે. નબીપુરના પીઆઇ અને બે કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ અંગેની વિગત એવી છે કે ભરૂચ તાલુકાના કવિઠા ગામે બેંક ઓફ બરોડાની સામે રહેતા કિર્તનભાઇ વસાવા (ઉ.વ.૪૫) તેમજ ઘરના સભ્યો ધુળેટીના દિવસે ઘેર હતાં. દરમિયાન બપોરના સમયે કિર્તન વસાવા ગામમાં ફરવા માટે નીકળ્યા હતાં. બાદમાં સાંજે કિર્તને તેના ભાઇ ચન્દ્રકાન્ત વસાવાના મોબાઇલ પર વોટ્સએપ ઓડિયો ક્લિપ મોકલી હતી જેમાં કિર્તને ઉલ્લેખ કર્યો હતો કે નવિન બાબર પટેલના ખેતરમાં મેં ઝેરી દવા પી લીધી છે.

આ મેસેજના પગલે ચન્દ્રકાન્તભાઇ, કિર્તનની પુત્ર હિરલ તેમજ ઘરના અન્ય સભ્યો ખેતરમાં દોડી ગયા ત્યારે કિર્તનને મોંઢામાંથી ફીણ નીકળતું હતું અને તેઓ કશું બોલતા ન હતા જેથી તાત્કાલિક ઈકો ગાડીમાં એક ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતાં પરંતુ ત્યાં હાજર ફરજ પરના તબીબે કિર્તનનું મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. બાદમાં કિર્તનના મૃતદેહને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લઇ જવાયો હતો જ્યાં કિર્તનના પેન્ટના ખિસ્સામાંથી એક સ્યૂસાઇડ નોટ ગુજરાતી શબ્દમાં હાથથી લખેલી મળી હતી.આ સ્યૂસાઇડ નોટમાં નબીપુર પોલીસ સ્ટેશનના પીઆઇ મુકેશ કે. પરમાર તેમજ બે કોન્સ્ટેબલો રાજેન્દ્રસિંહ અને સંદિપ સામે ગંભીર આક્ષેપો કર્યા હતાં. દારૂના ધંધા માટે હેરાન કરાતો હોવાનો ઉલ્લેખ હતો અને ઘરમાં પોલીસના માણસો ત્રાસ આપતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે આખરે મૃતક કિર્તનની પુત્રી હિરલની ફરિયાદ નોધી પીઆઇ એમ.કે. પરમાર, કોન્સ્ટેબલો રાજેન્દ્રસિંહ અને સંદિપ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાનો ગુનો દાખલ કર્યો હતો.

ભરૂચ તાલુકાના કવિઠા ગામના ચકચારભર્યા આત્મહત્યાના બનાવમાં નબીપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

## આંકલાવની શ્રી હોસ્પિટલમાંથી મૃત મહિલાની ફાઈલ તપાસ માટે મોકલાઈ

આણંદ : આંકલાવની શ્રી હોસ્પિટલમાં કસુંબાડની મહિલાના મોત મામલે પોલીસે મૃત મહિલાની ફાઈલ તપાસ માટે મોકલી આપી છે. રિપોર્ટમાં ડૉક્ટરની બેદરકારી સાબિત થશે તો ડૉક્ટર સંદીપ પટેલ વિરૂદ્ધ કાર્યવાહી કરાશે તેવું પોલીસ દાવો કરી હતી છે. ત્યારે હોસ્પિટલમાં ડૉક્ટરની બેદરકારીથી ત્રણ વર્ષમાં ચાર મહિલાઓના મૃત્યુ થયા હોવાનું સ્થાનિકો કહી રહ્યા છે.

આંકલાવની શ્રી હોસ્પિટલમાં કસુંબાડ ગામના હેતલબેન પઢિયાર (ઉં.વ.૨૭)નું ઓરપેશન પછી રજા આપ્યા બાદ તબિયત લથડી હતી. બાદમાં હોસ્પિટલ પરત લાવ્યા બાદ મહિલાનું મોત થયું થયું હતું. ત્યારે શ્રી હોસ્પિટલના ડૉક્ટર સંદીપ પટેલની બેદરકારીના કારણે યુવતીનું મોત નિપજ્યું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. આંકલાવ પોલીસે આ ઘટનામાં અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી હતી.ઘટના સંદર્ભે પેટલાદ પ્રાંત ડિવિઝન ડીવાયએસપી પી.કે. દીયોરાએ જણાવ્યું હતું કે, કરમસદ હોસ્પિટલમાં પેનલ ડૉક્ટરો દ્વારા પીએમ કરવામાં આવ્યું છે જેનો રિપોર્ટ આવ્યા પછી ડૉક્ટર સામે કાર્યવાહી સંદર્ભે માહિતી મળી શકશે. મહિલાની સારવાર દરમિયાન જે દવાઓ- ટ્રીટમેન્ટ કરાઈ છે તે ફાઈલ પોલીસે જપ્ત કરી છે. તે હવે ગુજરાત રાજ્ય મેડિકલ બોર્ડ વડોદરા અથવા અમદાવાદ મોકલી અપાશે. જેની અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસના રિપોર્ટ બાદ જો ડૉક્ટરની બેદરકારી સાબિત થશે તો તેની સામે કાર્યવાહી કરાશે. મૃતક મહિલાના પરિવારજનોના નિવેદનો લેવાઈ રહ્યા છે. હાલ પોલીસ તપાસ શરૂ જ છે. આંકલાવની શ્રી હોસ્પિટલમાં ડૉક્ટરની બેદરકારીથી ત્રણ વર્ષમાં ભેટાસી, કાસીન્દ્રા, અનગઢ અને હાલ કસુંબાડની મહિલાઓના મૃત્યુ થયા હોવાનું આંકલાવમાં ચર્ચાઈ રહ્યું છે. કેટલીક ઘટનામાં પરિવારજનોએ પોલીસ ફરિયાદ પણ કરી છે. પરંતુ, રાજકીય વગ અને લેવડદેવડને કારણે મોટાભાગરના કેસમાં ફિંડલું વળી ગયું છે. પોલીસ દ્વારા ડૉક્ટર વિરૂદ્ધ કાર્યવાહી કરવાના બદલે કાયદાની છટકબારીનો લાભ અપાતો હોવાનો આક્ષેપ સ્થાનિક લોકો કરી રહ્યા છે.

## તંત્રી લેખ.......

# ફેબ્રુઆરીમાં એમએન્ડએ તથા પીઈના ૭.૨૦ અબજ ડોલરના સોદા પાર પડયા

વિતેલા ફેબ્રુઆરીમાં દેશમાં ૭.૨૦ અબજ ડોલરના મૂલ્યના ૨૨૬ મર્જર એન્ડ એક્વિઝિશન (એમએન્ડએ) અને પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) કરાર પાર પડયા હતા જે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ એક મહિનામાં વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી વધુ આંક છે. ફેબ્રુઆરી, ૨૦૨૪ની સરખામણીએ વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં કરારમાં મૂલ્યની દ્રષ્ટિએ ૫.૪૦ ટકા અને વોલ્યુમ્સની દ્રષ્ટિએ ૬૭ ટકા વધુ હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. ગયા મહિને ૪.૮૦ અબજ ડોલરના મૂલ્ય સાથેના એમએન્ડએના ૮૫ કરાર પાર પડયા હતા. એમએન્ડએના કુલ સોદામાં વોલ્યુમની દ્રષ્ટિએ ઘરેલુ કરારનો હિસ્સો ૬૮ ટકા મૂલ્યની દ્રષ્ટિએ ૭૮ ટકા હિસ્સો રહ્યો હતો.વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતની બજારમાં વિદેશી ઈન્વેસ્ટમેન્ટસમાં ઘટાડા અને ટ્રેડ ટેરિફના ઓછાયા છતા, ભારતમાં કરાર ક્ષેત્રે સ્થિતિસ્થાપકતા જોવા મળી છે. ઘરઆંગણે મજબૂત માગને કારણે આ સ્થિતિસ્થાપકતા જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૧૪૧ સોદા સાથે પીઈના કુલ ૨.૪૦ અબજ ડોલરના વ્યવહાર પાર પડયા હતા. મે, ૨૦૨૨ બાદ આ સૌથી ઊંચુ પીઈ વોલ્યુમ જોવા મળ્યુ છે. એમએન્ડએમાં સોદાના વોલ્યુમમાં સ્થિર વધારો જોવા મળી રહ્યો છે જ્યારે ગયા વર્ષના ડિસેમ્બરથી મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. એમએન્ડએમાં સરહદપાર પ્રવૃત્તિ મિશ્ર જોવા મળી રહી છે. સ્ટાર્ટઅપ્સ તથા એમએસએમઈને વેરામાં રાહત, મૂડીખર્ચની ફાળવણીમાં વધારો અને ક્ષેત્ર પ્રમાણે પહેલોને પરિણામે આગળ જતા કરારની પ્રવૃત્તિમાં ખાસ કરીને ઉત્પાદન, ઊર્જા, ઈન્ફ્રા સંચાલનમાં વધારો જોવા મળવાની સંભાવના છે.

## જાહેરમાં ગંદકી બદલ એકમોને સીલ

# પ્રહલાદનગર રોડ પર ડોમિનોઝ પિઝ્ઝા, ગ્વાલિયા સ્વીટ સહિત ૧૪ એકમ સીલ




જાહેરમાં ગંદકી કરવા બદલ મ્યુનિ.એ દ.પશ્ચિમ ઝોનમાં પ્રહલાદનગર રોડ પર આવેલા ગ્વાલિયા સ્વીટ્સ, બર્ગર ફાર્મ, ડોમિનોઝ પિઝા સહિતના ૧૪ એકમોને સીલ કર્યાં છે, જાહેરમાં ગંદકી ફેલાવતાં એકમો પાસેથી રૂ.૧.૫ લાખનો દંડ વસૂલ્યો છે.મ્યુનિ.એ હાથ ધરેલી કાયર્વાહીમાં દ.પશ્ચિમ ઝોનના ૧૨૫ જેટલાં એકમમાં તપાસ કરાઇ હતી. જ્યારે ૧૧ રહેણાક અને ૧૧૪ કોમર્શિયલ એકમોને નોટિસ અપાઇ છે. ૨ કિલો જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવાની સાથે ૧.૫ લાખનો દંડ વસૂલ્યો છે. મ્યુનિ.એ સીલ કરેલા એકમોમાં ગ્વાલિયા સ્વીટ, ડોમિનોઝ પિઝા, ઓએમજી પાન પાર્લર, ડી.કે. પાન પાર્લર, ખોડિયાર પાન પાર્લર, ધ પાન સ્ટુડિયો, બાલાજી હોટલ, માક્ષી ગુડલક, ગાત્રાળ ટી એન્ડ પાન પાર્લર તેમજ જોધપુરમાં બર્ગર ફાર્મ, મિસ્ટર ડીઆઈવાય જેવાં એકમોનો સમાવેશ થાય છે.

# ગાંધીનગર ડેપોએ હોળી-ધુળેટીમાં ૨૬૪ વધારાની ટ્રિપ દોડાવી, ૧૮.૬૮ લાખની કમાણી




ગાંધીનગર એસટી ડેપોએ હોળી-ધુળેટીના તહેવારમાં સારી કમાણી કરી છે. ડેપોએ તા. ૮થી ૧૪ માર્ચ દરમિયાન ૨૬૪ વધારાની બસ સેવાઓ શરૂ કરી હતી. આ બસો સાત દિવસમાં ૭૫,૮૮૦ કિલોમીટર દોડી હતી.વધારાની બસ સેવાઓનો ૧૧,૧૦૦થી વધુ મુસાફરોએ લાભ લીધો હતો. આ સેવાઓથી ડેપોને રૂ. ૧૮.૬૮ લાખની આવક થઈ છે. ગાંધીનગરમાં નોકરી અને ધંધા માટે અન્ય જિલ્લાઓમાંથી આવેલા લોકો તહેવારો દરમિયાન વતન જવા માટે એસટીનો ઉપયોગ કરે છે.ખાસ કરીને હોળી-ધુળેટી દરમિયાન પંચમહાલ, દાહોદ, ગોધરા અને છોટાઉદેપુર તરફ મુસાફરોની અવરજવર વધુ રહે છે. એસટી વિભાગ દર વર્ષે તહેવારો દરમિયાન વધારાની બસો દોડાવે છે. આ વર્ષે પણ આ રૂટ પર વધુ એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું.મુસાફરોની સુવિધા માટે શરૂ કરાયેલી વધારાની બસ સેવાઓથી એસટી ડેપોની તિજોરી લાખોના ભાડાથી ભરાઈ ગઈ છે. આ સફળતા બતાવે છે કે તહેવારો દરમિયાન વધારાની બસ સેવાઓની જરૂરિયાત છે.

# પાટણમાં ૧૮ ફેબ્રુઆરી સુધી તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતાં, રાત્રે ઠંડક રહેશે

પાટણ શહેરમાં આજે સવારે તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયું હતું. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, બપોરે ૧થી ૪ વાગ્યા દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી શકે છે.હવામાન વિભાગે આગામી દિવસો માટે મહત્વપૂર્ણ આગાહી કરી છે. ૧૮ ફેબ્રુઆરી સુધીમાં દિવસ અને રાત્રિના તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન દિવસનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી આસપાસ રહેશે.

# હિન્દુ ધર્મના યુગ પ્રવર્તક મશાલચી પુ.મોરારિબાપુ

તખુભાઈ સાંડસુર

પુ.મોરારિબાપુના સાધુ ચરિત જીવનમાં બે ત્રણ બાબતો ખૂબ જ આક્રમક અને ઉપકારક દેખાય છે.તેમાં પહેલી વાત આવે છે વંચિત,પીડિત, દુઃખી એવાં લોકો માટે અનુભવાતી પોતાની પીડા અને સંવેદનશીલતાથી તેના ઉપર મલમપટ્ટાની સતત થઈ રહેલી સેવા પ્રવૃત્તિઓ જેમાં આરોગ્ય, અકસ્માતે કે આફતમાં સપડાયેલાં પરિવારોને સાંત્વના અને સમયબધ્ધતાપૂર્વક મદદ પહોંચાડવાની મન્શા.બીજું એક ચિંતન તેમના જીવનમાં સનાતન હિન્દુ ધર્મના પ્રચાર,પ્રસાર, સંરક્ષણ અને સિંચન માટેની પ્રવૃત્તિઓનું પોષક થવું.



છેલ્લાં થોડા વર્ષથી મોરારિબાપુના ધ્યાન ઉપર એ વાત આવી કે આપણાં એ વનવાસી ભાઈ-બહેનો કે જે જેને બાપુ અનાદિવાસીઓ એવું નામ આપે છે, તેઓ પોતાની જરૂરિયાત,પીડા કે દર્દને જ્યારે કોઈ સાંભળનાર નથી,સરકારનો હાથ પણ ત્યાં પહોંચી શકતો નથી.કોઈ નો સધિયારો કે હુંફ મળે છે ત્યારે તે તેના તરફ અનુગ્રહિત થાય છે.આ અનુગ્રહનો લાભ ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ પોતાના ધર્મ વિસ્તાર માટે લે છે. જેબ ગોરી નામના એક હિન્દી કવિ કહી ગયા છે

**"જખ્મ લગા કર ઉસકા ભી કુછ હાથ ખુલા મેં ભી ધોકા ખા કર કુછ ચાલાક હુઆ"**

આ વિસ્તારક પ્રવૃત્તિ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નર્મદા વગેરે જિલ્લાઓમાં આગળ વધતી રહી છે,ફૂલીફાલી છે.તાપી વગેરે જિલ્લાઓમાં તો કેટલાક તાલુકાઓમાં ખૂબ બધા અનાદિવાસી ભાઈ બહેનોએ હિંદુ ધર્મને છોડીને ખ્રિસ્તી ધર્મને સ્વીકારી લીધો છે. આ ધર્માંતર પ્રવૃત્તિ અટકાવવી એ કોઈ ધર્મના વિરોધ નથી પરંતુ આપણા ધર્મના આચારમા ક્યાં કચાશ,ખામી કે ભુલ છે કે જેનાથી કોઈ માણસ આપણાથી છૂટો પડી ને અન્ય જગ્યાએ જતો રહે છે.તેનુ ચિંતન કરવાનો રુડો અવસર વ્યાસપીઠે આપ્યો છે.

ગાંધીજીના જીવન ઉપર નજર કરીએ છીએ તો તેઓ જ્યારે વિલાયતમાં જાય છે. ઈંગ્લેન્ડમાં ત્યાં તેમને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાનો ઘણા લોકો આગ્રહ કરે છે.પરંતુ ત્યારે પૂજ્ય ગાંધીબાપુ હિન્દુ ધર્મના આદર્શો,મૂલ્યોને બરાબર સમજીને કહે છે કે હું કોઈ ધર્મનો અનાદર કરતો નથી.પરંતુ હું ધર્માંતર કરવાનો પક્ષઘર નથી. હું જીવવાનું અને મરવાનું હિન્દુ ધર્મમાં જ પસંદ કરીશ. ધર્માંતરની પ્રવૃત્તિ કોઈ ધર્મનો વિરોધ નથી પરંતુ આપણા ધર્મના આચારથી અવગણના કે દોષનો આત્મખોજનો અવસર છે.જે ભૂલા પડ્યા છે પરત બોલાવી લેવું એ મોટું ધર્મકાર્ય છે જે મોરારિબાપુ કરી રહ્યા છે. કોઈ ગેરલાભ લઈને પોતાના ધર્મના વિસ્તાર માટે જે કામ કરે છે તેને અટકાવવાની આપણી નૈતિક જવાબદારી અને ફરજ છે. આ ફરજનું બીડું તાજેતરમાં પૂજ્ય મોરારિબાપુ એ હાથમાં લીધું છે. કોઈ હલ્લા બોલ નહી કે નારા નહીં પરંતુ જે અન્ય ધર્મમાં ગયા છે તેને પાછા વાજતે ગાજતે લાવવાની આ પ્રવૃત્તિ એ હવે મહા અભિયાનનું સ્વરૂપ પકડી રહી છે. જે મોટી સંસ્થાઓ નથી કરી શકી તે બાપુની વ્યાસપીઠ કરી રહી છે.

સને ૨૦૨૪માં વલસાડ જિલ્લાના ધરમપુરના ખાંડામાં એક રામકથાનું આયોજન થયું.ત્યારે કથા દરમિયાન સૌ અંતરિયાળ રહેતા લાખો વનવાસી ભાઈ બહેનોએ સાથે બેસી નવ દિવસ પ્રસાદ ગ્રહણ કર્યા.બાપુએ પોતાની ઈચ્છા જાહેર કરી કે હું દર વર્ષે ઓછામાં ઓછો એકાદ વખત આ અનાદિવાસી ભાઈઓની વચ્ચે આવવાનો સ્વીકાર કરું છું. એટલે કે વ્યાસપીઠને લઈને આ વિસ્તારમાં ફરવું છે.રામ અને રામતત્વના દર્શનથી હિન્દુ ધર્મની વિભાવનાઓ સ્પષ્ટ કરવાની બાપુની આ પ્રવૃત્તિ,વૃતિ કે ચિંતન અનાદિવાસી ભાઈ બહેનોના ઘર સુધી જાય છે.પછી તે બધાનાં હૃદય સુધી પહોંચી રહી છે.બાપુની ભિક્ષા સ્વીકાર કરવાની વાત માત્ર કોઈ દંભ નથી પરંતુ જે અંતિમ માણસ બાપુને મળી શકતો નથી તેને મળવા જઈને તેમની સાથે સંવાદ સાધવાની એક સંવેદનાત્મક યાત્રા છે.ચાલુ વર્ષે સને ૨૦૨૫ના હોળી પર્વે મહારાષ્ટ્ર પાસેના છેવાડાના ગામ અને તાપી જિલ્લાના નાનકડા એવા પરગણા સોનગઢમાં બાપુની વ્યાસપીઠ પોતાની સુગંધ લઈને તારીખ ૮ થી ૧૬ માર્ચ સુધી પહોંચી છે. તેનો જળહળા પ્રકાશ સર્વત્ર ફેલાઈ રહ્યો છે.હિન્દુ ધર્મનું આટલાં વિશાળ પાયા ઉપર થઈ રહેલા કાર્યને જેટલા પ્રમાણમાં સરાહીએ એટલું ઓછું છે.કથાના પ્રારંભે અમેરિકા સ્થિત તલગાજરડી વ્યાસપીઠના મનોરથી એવા જગુભાઈ પટેલે પણ ઈચ્છા જાહેર કરી કે તમામ અનાદિવાસી ભાઈ બહેનોના મન અને હૃદય સુધી પહોંચવા ભગવદ્ ગીતા અને રામચરિત માનસ ઘર ઘર સુધી પહોંચાડવા-પધરાવવામાં આવશે.આ એક બહુ મોટું મોટો સંદેશ સમગ્ર જગતને જઈ રહ્યો છે.હોળીના દિવસે કથા દરમિયાન બાપુને એક ચીઠી મળે છે.આ ચિઠ્ઠીનો સાર એવો હોય છે કે અહી પૂરતા પ્રમાણમાં શાળાઓ નથી અને વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણવા ખ્રિસ્તી ધર્મના સંતો લઈ જાય છે.પછી તે તેની કંઠી બાંધીને એ ધર્મમાં ભેળવી દે છે.આ વટાળ પ્રવૃત્તિને અટકાવવા બાપુને થયેલો એક આર્તનાદ હતો. અહીં સરકારના હાથ પણ હજુ પહોંચ્યા નથી કે જ્યાં શિક્ષણ પુરતા પ્રમાણમાં સર્વ લોકો માટે અને અંતિમ માણસ માટે વિનામૂલ્યે ઉપલબ્ધ હોય ! આવી પરિસ્થિતિમાં જો અહી નવી શાળાઓ નિર્માણ થાય તો તલગાજરડી વ્યાસપીઠ જાહેર કરે છે કે કોઈપણ શાળાનું જો આ વિસ્તારમાં સરકાર કે અન્ય કોઈ રીતે નિર્માણ થશે અને તેની દરખાસ્ત ચિત્રકૂટધામ તલગાજરડાને મળશે તો એક લાખ રૂપિયાનું અનુદાન કૃષ્ણાર્પણ કરવાની જાહેરાત કરીએ છીએ.આ પહેલ એક ક્રાંતિના સ્વરૂપમાં આપણે જોઈ શકીએ.આ વાત નાની નથી મંદિરો કે મઠ ધરાવતા હિન્દુ ધર્મના અધિપતિઓ આજે પણ ત્યાં પહોંચી નથી શક્યા, ત્યાં વ્યાસગાદી હાથ ફેલાવે એ વિરલ ઘટના છે.બાપુએ ધર્મની સેવાર્થે જે કાર્યો કર્યા છે તેની નોંધ લઈએ તો કદાચ આ કાર્યો જગતમાં કોઈ કરી શકશે કે કેમ એક સવાલ છે.અયોધ્યાના રામ મંદિરના નિર્માણમાં આખા એ ભારતમાં સૌથી વધુ ૧૮ કરોડની રાશિ તેમના માધ્યમથી અર્પણ કરીને પોતાનું યોગદાન નોંધાવ્યું છે.દુનિયાના ૧૩૦ થી વધુ દેશોમાં રામચરિત માનસ કથા પહોંચાડવાની ત યશગાથામાં તેમને નામે લખાવી જોઈએ.કુલ ૯૫૩ જેટલી રામચરિત માનસની કથાનું ગાન કરીને તેમણે જીવનના અમૂલ્ય વર્ષો રામ માટે વિતાવ્યાં છે. એટલું જ નહી તેનાથી અનેકોના જીવનમાં રામ તત્વને સમજવા અને તેની સુગંધને પ્રસરવવા ખૂબ મોટા પ્રયત્નો થયાં છે.સમગ્ર ગુજરાતમાં જ્યાં પણ રામમંદિરનું નિર્માણ થાય અને તેની કુલ રાશિ ૨૫ લાખથી વધુ હોય ત્યારે તલગાજરડાની વ્યાસપીઠે તેમાં તુલસી દલ રૂપે ?૧,૦૦,૦૦૦ની આહુત્તિ આપવાનું જાહેર કર્યું છે.તેનાથી અનેક મંદિરોના નિર્માણ શક્ય બન્યા છે. રામકથા, ભાગવત કથા, દેવી ભાગવત,શિવ પુરાણ અને અન્ય પુરાણોના લગભગ ભારતના ૧૫૦૦થી વધુ કથાકારોને પ્રેરણા અને પ્રોત્સાહન આપવાનું કાર્ય સતત તલગાજરડાની વ્યાસપીઠ કરતી રહી છે.આ તમામ પ્રવૃત્તિ હિન્દુ ધર્મના સિંચન અર્થે કરવામાં આવતા પવિત્ર યજ્ઞકાર્ય તરીકે નોંધાવી જોઈએ.

સોનગઢની આ રઘુનાથ ગાથા દરમિયાન આસપાસના વિસ્તારોના અનેક અનાદિવાસી ભાઈ- બહેનો ફરી હિન્દુ ધર્મના પવિત્ર પ્રવાહમાં પોતાના પગલાંઓ પાડી રહ્યાં છે અને ભજન,ભોજનનો આ મનભાવન પ્રસંગ રંગે ચંગે ઉજવી રહ્યા છે. અનોપ જલોટા તેના શબ્દમા કહે છે પણ ખરાં

**"જો ફરેબ હમને ખાયા રાજદા સમજકર**
**ઉસે કૈસે ભુલ જાઉં દાસ્તાં સમજકર"**

હિંદુ ધર્મ માટે પૂજ્ય મોરારિબાપુની આ અનુગ્રહિત અનુષ્ઠાન યાત્રા વામન સ્વરૂપમાં સૌએ સ્વીકારવી પડશે.બાપુની પવિત્ર પાવની પારંપરિક વાણી અને વ્યવહારિતાને શત શત નમન.

# ભાજપે પૂછ્યું- રાહુલ વારંવાર વિયેતનામ કેમ જઈ રહ્યા છે



ભાજપે ફરી એકવાર રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસો પર સવાલ ઉઠાવ્યા છે. ભાજપના નેતા અને સાંસદ રવિશંકર પ્રસાદે શનિવારે કહ્યું - રાહુલ ગાંધી ક્યાં છે? મેં સાંભળ્યું કે તેઓ વિયેતનામ ગયા છે. નવા વર્ષ દરમિયાન પણ તેઓ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ વિયેતનામમાં હતા. તેઓ ત્યાં ૨૨ દિવસ રહ્યા, તેઓ તેમના મતવિસ્તાર (રાયબરેલી)માં આટલો સમય વિતાવતા નથી.પત્રકાર પરિષદમાં પ્રસાદે કહ્યું, ‘રાહુલ સતત વિયેતનામ અને અન્ય દેશોની યાત્રા કરી રહ્યા છે. વિયેતનામ પ્રત્યેના તેના અચાનક પ્રેમનું કારણ શું છે? રાહુલ ગાંધી વિપક્ષના નેતા છે, તેમણે ભારતમાં હાજર રહેવું જોઈએ.ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી વિપક્ષના નેતા તરીકે મહત્વપૂર્ણ પદ ધરાવે છે અને તેમની અનેક ગુપ્ત વિદેશ યાત્રાઓ, ખાસ કરીને જ્યારે સંસદનું સત્ર ચાલુ હોય છે, ત્યારે ઔચિત્ય અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે ગંભીર સવાલ ઉભા કરે છે.ખરેખરમાં, પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના નેતા મનમોહન સિંહનું ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નિધન થયું હતું. સિંહના અંતિમ સંસ્કાર પછી તરત જ, રાહુલ ગાંધી વિયેતનામ જવા રવાના થયા. ભાજપે ત્યારે પણ તેની ટીકા કરી હતી. અમિત માલવિયાએ ત્યારે કહ્યું હતું કે- જ્યારે આખો દેશ સિંહના મૃત્યુ પર શોક વ્યક્ત કરી રહ્યો હતો, ત્યારે રાહુલજી નવા વર્ષની ઉજવણી કરવા વિયેતનામ ગયા હતા.

# અરવલ્લી જિલ્લાના ત્રણ આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત




અરવલ્લી જિલ્લાના આયુષ્માન આરોગ્ય મંદિર (પેટા આરોગ્ય કેન્દ્ર) નાંણા, ભેટાલી અને મેવડાને ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (દ્વઊિછજી) હેઠળ રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ પ્રમાણપત્ર આરોગ્ય સેવાઓમાં ગુણવત્તા અને શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરવા માટે આપવામાં આવે છે. આયુષ્માન આરોગ્ય મંદિર-નાંણા (તા. ધનસુરા) એ ૯૧.૨૬%, આયુષ્માન આરોગ્ય મંદિર-ભેટાલી (તા. ભિલોડા) એ ૮૭.૩૦% અને આયુષ્માન આરોગ્ય મંદિર-મેવડા (તા. માલપુર) એ ૮૭.૦૯% સ્કોર મેળવીને આ પ્રમાણપત્ર હાંસલ કર્યું છે. આ માટે દિલ્હીથી આવેલી દ્વઙ્ખજીઇઝ (નેશનલ હેલ્થ સિસ્ટમ્સ રિસોર્સ સેન્ટર) ની ટીમે રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતો દ્વારા આરોગ્ય કેન્દ્રોનું વિગતવાર એસેસમેન્ટ કર્યું હતું.આ એસેસમેન્ટમાં ૧૨ મુખ્ય માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં સગર્ભા માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોની આરોગ્ય સંભાળ, રસીકરણ, કિશોર-કિશોરીઓ માટેની સેવાઓ, કુટુંબ કલ્યાણ સેવાઓ, વિશ્વ આરોગ્ય સેવાઓ, તાત્કાલિક આરોગ્ય સારવાર, રોગચાળા નિયંત્રણ, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સંચાલન, બિનચેપી રોગોનું નિદાન અને સારવાર, તેમજ માનસિક આરોગ્ય સેવાઓનો સમાવેશ થાય છે.જિલ્લા વિકાસ અધિકારી શ્રી દીપેશ કેડિયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જયેશ પરમારના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ હાંસલ થઈ છે. આ ઉપરાંત, જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ સેલ, તાલુકા આરોગ્ય અધિકારીઓ, મેડિકલ ઓફિસરો અને આરોગ્ય કર્મચારીઓના સંકલિત પ્રયાસોએ આ સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.આ સિદ્ધિ અરવલ્લી જિલ્લાની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે ગ્રામીણ વિસ્તારોમાં વધુ સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાના ભારત સરકારના ઉદ્દેશ્યને સાકાર કરે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 191**
વિષય : રંગો નો તહેવાર હોળી ધૂળેટી.
શીર્ષક : બાકી કોઈ રંગ નથી.....
પ્રકાર - પદ્ય  શબ્દો : ૯૮

આમ જુવો તો જીંદગીમાં હવે બાકી કોઈ રંગ નથી,
હાથમાં થી છટકી ગયો હોય એવો કોઈ પ્રસંગ નથી.

મન ભરી ને માણી છે મળી એટલી ક્ષણો મહામુલી,
કઈ ખોવાનો કે કશું ગુમાવાનો અમને કોઈ ગમ નથી.

આ ફાગણ ના રંગ ને ભળ્યો માહી હોળી નો ગુલાલ,
શ્વેત ને શ્યામ પણ નિખર્યા છે એનો કોઈ રંજ નથી.

રંગ્યા છે સહુ ને હૃદયના રંગો થી કદી કલર કર્યો નથી,
ખુશખુશાલ છે સર્વ સ્નેહીઓ ક્યાંય સબંધો તંગ નથી.

ઉડાડ્યા છે રંગો અમે હર્ષ ઉલ્લાસ આનંદ ને સ્નેહના,
"મિત્ર" જીત્યા છીએ હારી ને પણ વચ્ચે કોઈ જંગ નથી.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGG SS 351**
વિષય: રંગોનો તહેવાર, હોળી-ધુળેટી
શીર્ષક: શ્યામા શ્યામ
પ્રકાર: પદ્ય શબ્દ ૬૨
હે શ્યામા ,શ્યામ પિચકારી તું મત માર,
શૃંગાર મોહી મત તુ બિગાર ..
શ્યામા, મોર મકુટી સોહે હે નાથ..
રાધા સંગ રાસ રચાઈ ,મોહે પિચકારી મત માર..
માથે ચંદન સોહે, સોહે અબીર ગુલાલ..
રાધા કે ગોરે ગોરે ગાલો પર કેસુવો કી ધાર...
કટ્ટી પીતાંબર સોહે, સોહે પિચકારી મત માર..
મેરે મન કો મોહન બરસો,
રંગો અબીર ગુલાલ..
જયશ્રી વાઘેલા મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: *NOG* *SS* *No.* *0185.***
★વિષય:-★ ★''રંગોનો તહેવાર..હોળી, ધુળેટી★
★શીર્ષક:-★ ★સત્યના રંગે જયજયકાર★
★પ્રકાર:-★ ★પદ્ય★ ★શબ્દ સંખ્યા:-★ ★૧૧૯★

વસંત લાવી નવરંગોની બહાર, અંતરે ઉમટે ઉમંગોની ભરતી,
આવ્યો તહેવાર આંગણે, હોળી ધૂળેટીને રંગોથી કરીએ ભરતી,

વ્રજમાં શ્યામ બંસરી વગાડે, રાધા ને ગોપીઓ દોડી દોડી આવે,
હોળી તહેવારે રંગની પીચકારીએ, શ્યામ પ્રેમરંગો રંગવા આવે,

વનરાવન ખીલે નવરંગોએ, વ્રજે ઢોલ નગારે ઉત્સવ ઉજવાય,
લઠ્ઠમાર હોળીના સંગે, રંગોની રસધારાએ હર્ષે ઉત્સવ ઉજવાય,

પ્રગટી હોળી ને થયો સત્યનો જયજયકાર, થયો અનિષ્ટનો નાશ,
સત્યના માને રંગોત્સવ ઉજવાય, કરજો અવગુણોનો અંતરે નાશ,

છે રંગોત્સવ પ્રકૃતિની શાનનો ફાગણે, માણસની સ્વમાણસાઈનો,
રંગોની ભીનાશે વેરઝેર છોડો, પ્રગટાવજો દિવો હૈયે માણસાઈનો,

ભક્ત પ્રહલાદે ઝાલ્યો સત્યનો હાથ, નૃસિંહે ઝાલ્યો પ્રેમે તે હાથ,
હોલિકાનું અસત્યે દહન, હૃદયની શ્રદ્ધાનો પરમેશ્વરે ઝાલ્યો હાથ,

સંદેશ મળે આ તહેવારે, સત્યમ, શિવમ્ ,સુન્દરમની કરો તલાશ,
'ઝરૂખો' માને કર્મફળોનો આ છે ફેરો, અંદર કરો ઈશ્વરની તલાશ.

દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO: 352**
શીર્ષક:- હોળી
શબ્દ સંખ્યા:-૨૮૦
પ્રકાર:- લેખ શિર્ષક: હોળી રંગોનો તહેવાર

હોળી એ ભારતનો એક મહત્વપૂર્ણ તહેવાર છે, જે રંગોથી ઉજવવામાં આવે છે. આ તહેવાર વસંત ઋતુમાં આવે છે, જ્યારે પ્રકૃતિ તેના સૌથી સુંદર પર હોય છે. હોળીનો તહેવાર પ્રેમ, ખુશી અને રંગો સાથે ઉજવવામાં આવે છે.

હોળીનો ઈતિહાસ પ્રાચીન છે. આ તહેવારનું વર્ણન હિન્દુ પૌરાણિક કથાઓમાં કરવામાં આવ્યું છે. ભગવાન વિષ્ણુના ભક્ત પ્રહલાદના વિજયની યાદમાં હોળીનો તહેવાર ઉજવવામાં આવે છે. પ્રહલાદના પિતા હિરણ્યકશિપુએ તેમના પુત્રને ભગવાન વિષ્ણુની પૂજા કરતા રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ પ્રહલાદે પોતાની ભક્તિ છોડી ન હતી. અંતે, ભગવાન વિષ્ણુએ પ્રહલાદનું રક્ષણ કર્યું અને હિરણ્યકશિપુનો વધ કર્યો.
હોળીનો તહેવાર ખૂબ જ મહત્વ ધરાવે છે. આ તહેવાર પ્રેમ, ખુશી અને રંગો સાથે ઉજવવામાં આવે છે. હોળીનો તહેવાર લોકોને એકસાથે લાવે છે અને તેમને તેમના મતભેદો ભૂલી જવાની તક આપે છે. હોળીનો તહેવાર આપણને એ પણ શીખવે છે કે જીવનમાં રંગોનું મહત્વ છે અને આપણે આપણા જીવનને રંગીન બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

હોળીની વિધિઓ ખૂબ જ રંગીન અને મનોરંજક હોય છે. હોળીના દિવસે લોકો રંગોથી રમે છે, ગીતો ગાય છે અને નાચે છે. હોળીના દિવસે લોકો તેમના મિત્રો અને પરિવાર સાથે મળે છે અને હોળીની ઉજવણી કરે છે. હોળીના દિવસે લોકો હોલિકા દહનની વિધિ પણ કરે છે, જેમાં તેઓ અગ્નિની પૂજા કરે છે અને પોતાના પાપોનું દહન કરે છે.

હોળી એક એવો તહેવાર છે જે આપણને પ્રેમ, ખુશી અને રંગો સાથે ઉજવણી કરવાની તક આપે છે. આ તહેવાર આપણને એ પણ શીખવે છે કે જીવનમાં રંગોનું મહત્વ છે અને આપણે આપણા જીવનને રંગીન બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. હોળીનો તહેવાર આપણને આપણા મતભેદો ભૂલીને એક તક આપે છે અને આપણને એકસાથે લાવે છે.
શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષય: હોળી રંગો નો તહેવાર
શીર્ષક: પ્રેમ રંગ હોળી
પ્રકાર: પદ્ય  શબ્દ : ૭૨

પ્રગટી આગ પ્રભુ પ્રેમની સળગી ઉઠી હોળી,
પ્રહલાદને મન રમે નારાયણ, ફોઈ બેસાડે ખોળે.

ન હાર્યો ભક્ત, વિશ્વાસ અને ભક્તિ તોળે,
કરવા નાશ બુરાઈ નો આજ લોકો વળે ટોળે.

ગોકુળ તણી આવી પિચકારી બરસાનાની ટોળી,
ગોરી રાધા સંગ શ્યામ કનૈયા રમે પ્રેમરંગ હોળી.

ભક્તિ રંગ મીરા વર્ષાવતી પ્રેમ રંગ તો રાધાનો,
જીવન રંગ રૂકમણી સંગ રમે નાથ દ્વારાકાનો.
'સુરીલી' મોરલી સંગ રમે સહુ ગોપી-ગોવાળો,
ઉડે રંગ આજ ચૌદ ભુવન ખેલે ગોકુળનો ગ્વાલો.
નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS-106**
વિષય-રંગોનો તહેવાર-હોળીધૂળેટી
પ્રકાર-ગદ્ય
શીર્ષક-"હાહારે હોળિલા" શબ્દ-૨૭૯

ઘેરૈયા ઘૂમર લઈ રંગ ઉડાડી ઘેલ કરેત્યારે
આ જીવન કેટલું રંગીન છે!તે ભાસે,
હોવે !
આપણે જીવનને જોઈએ કેવી રીતે છીએ?
હાયરે!
આપણે તો કરમ પૂરાં કરવા આવ્યા છીએ! તો પછી
કૃષ્ણે રાસલીલા કરી શામાટે? કૃષ્ણની વાંસળી સાંભળી,ખીલા તોડાવી ગાયો કેમ ભૂંરાંટી થઈ?
ઘરમાં સાસુ-સસરા-વર કે પછી ધાવણાં બાળકને છોડી વ્રજનારી કેમ ભાગી?એ વાંસળીના સૂર પાછળ? કારણકે એ પાછળ એક આનંદ એક ખુશી હતી!
આવી જ ખુશી આપણે ઉત્સવ ઊજવીને મેળવીએ છીએ! હોળી પછીનો બીજો દિવસ ધૂળેટી એટલે રંગોત્સવ.
લીલીછમ્મ ધરતી ઉપર કેસરિયા રંગબેરંગી ભાતની ઓઢણી ઓઢીને રુપની પરી
તૈયાર થઈને ઊભી હોય એવું સુંદર ધરતીનું વાતાવરણ ફાગણિયે ફોરમતું હોય.
આ
ફાગણ ફોરવતો આયો
ફાગણિયા કેસરિયા રંગથી.
ધરતી જાણે, ગરાસણી કેસરિયા ઓઢણું ઓઢીને ઊભી હોય.ધરતીએ બિછાત થયેલો રંગ જાણે કામદેવ/રતિની ક્રીડા માટે તૈયાર હોય!
કામણગારો કેસૂડો કેટલાનાં દિલડાં હરી લે.
ફાગણમાં
રંગોનો તહેવાર એટલે ધૂળેટી.
આનંદનો તહેવાર.
કૃષ્ણનીરાસલીલા,
નવલી પરણેતરોના લાઠીમાર-રાજસ્થાનમાં બાળલગ્ન,
કચ્છમાં-- ઊટડા/ઊંટડીનાં સરઘસ પછી લગ્ન.
આવો આ હોળીના સાત દિવસનો ઉત્સવ!
ખૂબધમાલ,'ગુરીયાપીર'ના પૂજા પાઠ કરી 'લાગો' લઈ, ધૂળેટીના દિવસે ઊજાણી કરનાર યુવાન 'ઘેરૈયા'નો રંગનો આનંદ તો માણવા જેવો જ. તે ઘેરૈયાપીરની ઠાંઠડી કાઢીને જ હોળીમાં દાહ દેવા ચોરી કરીને પૂરો થાય! એમાં એકબીજાની મસ્તી કરી, મસ્તી લૂટીને જ આનંદ લેવાય.
આપણા તહેવારો આનંદથી જીવનમાં,
ઉત્સવોમાં આનંદ છલકાય.
રંગરંગનાં ભાતભાતનાં ખાણાં પીરસાય!
ઉત્સવની આભા કંઈક અલગ. ફૂલના રંગથી ભરેલ કે પછી દિલના ઉછાળથી ઉદભવેલ રંગભરી મસ્તીનો રંગોત્સવ!
"હોળીના હારલા, છાણાં,લાગો હોળી માતાનાં છાણાં દો..
હમણાં દો હમણાં દો.
પછી નહિ આવીએ બારમહિને તો હોળી છે! "
હા...હાં કે ...હોળિલા"
મુક્તિદા કુમાર . રુપલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★રંગોનો તહેવાર, હોળી ધુળેટી★
શીર્ષક-"★ રંગોત્સવનું પર્વ★"
પ્રકાર-ગદ્ય  શબ્દ- ૩૩૯

ક્યારેય રંગહીન દુનિયાની કલ્પના પણ કરી છે? આપણે દ્રષ્ટિવાળા તો દરરોજ આંખ ખુલતાંની સાથે આપણી ચોતરફ ફેલાયેલો કુદરતનો અદભૂત રંગવૈભવ નિહાળી શકીએ છીએ પરંતુ ચક્ષુહીન લોકો પહેલાં તો વર્ણનને આત્મસાત કરી મનમાં એક દ્રશ્ય ઉભું કરે છે અને ત્યારબાદ વિવિધ રંગોની પોતાના આંતરિક ચક્ષુની મદદથી મનમાં અનુભુતિ કરી પ્રસન્નતા અનુભવે છે. આ બધું જ સાચું પરંતુ ખરેખર જો સૃષ્ટિ ઉપરના પ્રત્યેક સર્જન પોતાનો રંગ છોડી દે તો કલ્પના પણ કરવી મુશ્કેલ થાય કે આ સૃષ્ટિની સુંદરતા અને આહલાદકતા ક્યાં ગાયબ થઈ ગઈ?

સૃષ્ટિની સુંદરતા પણ રંગોથી નીખરતી હોય છે. લીલીછમ વનરાજી, બરફ આચ્છાદિત શિખરો, નીલા રંગનું સુંદર આકાશ, આકાશમાં સર્જાતું રંગબેરંગી મેઘધનુષ્ય, રંગબેરંગી પુષ્પો, રંગબેરંગી પતંગિયાઓ, પ્રાણીઓ, પંખીઓ, પશુઓ અને જળચર જીવોને જાણે કુદરતની પીંછી વડે સુંદર નિર્માણ કર્યા હોય એવી અનુભૂતિ થાય છે.

માત્ર સૃષ્ટિમાં જ નહીં પણ મનુષ્યના જીવનમાં પણ વિવિધ પ્રસંગોએ આ રંગો આનંદ અને વૈભવનો અનુભવ કરાવે છે. રંગો જીવનને તાજગી અને પ્રસન્નતાથીભરી દે છે. રંગો વગરનું મનુષ્યનું જીવન કેટલું શુષ્ક અને અર્થહીન લાગે છે? અકાળે વિધવા બનેલી સ્ત્રી આ બાબતે ઉચિત ઉદાહરણ છે. તેના જીવનમાંથી અચાનક ગાયબ થઈ ગયેલા આનંદ, ઉત્સાહ, ઉમંગ અને પ્રેમના રંગોથી વંચિત એવી એ સ્ત્રી પોતાના જીવનને શુષ્કતાનો આંચળ ઓઢાડી દે છે અને સમાજમાં અલિપ્ત થતી જાય છે. પ્રેમભંગની અવસ્થામાં પણ પ્રેમીઓના જીવન વધુ રંગહીન અને રસહીન ભાસે છે. પોતાના વિશ્વાસુ વ્યક્તિ તરફથી થયેલ અપમાન, તિરસ્કાર અને ધ્રુણા પણ મનુષ્યને દુઃખ પહોંચાડે છે. તેને તેના જીવનના રંગો ફીકા પડી જતા લાગે છે.

આવા ઘણા કારણોસર વ્યક્તિના જીવનમાંથી આનંદ અને ઉલ્લાસના રંગોની બાદબાકી થઈ જાય છે અને એટલા માટે જ અમુક તહેવારો અને ઉત્સવોને માણસે પોતાના જીવનમાં સ્થાન આપ્યું છે. આવો જ એક ઉત્સવ એટલે હોળી ધુળેટીનો રંગોત્સવ. આ ઉત્સવ માનવીના જીવનમાં રંગોનું મહત્વ સમજાવે છે અને જીવનમાંથી અદ્રશ્ય થયેલા રંગોને પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ કરે છે. રાગ, દ્વેષ, ઈર્ષ્યા કે ક્રોધ જેવા અનિષ્ટોને હોળીના પવિત્ર અગ્નિમાં ત્યાગ કરીને પ્રેમ, આનંદ, ઉમંગ અને ઉલ્લાસ જેવા તત્વોના વિવિધ રંગોથી રંગોત્સવ ધુળેટીમાં પોતાના અને પોતાની સાથે જોડાયેલા વ્યક્તિસમૂહને ફરીથી રંગી દેવાનું આ શુભ પર્વ છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 390**
વિષય : રંગો નો તહેવાર - હોળી ધૂળેટી
શીર્ષક : શિવ સંગ હોળી
પ્રકાર : પદ્ય  શબ્દો : ૭૫

કાળજે લાગ્યો શિવનો રંગ
એ કોઈ ભૂંસી તો જુઓ
ભભૂત અને ભસ્મ સાથે શિવ આવ્યા
એની સાથે હોળી રમી તો જુઓ
આભૂષણની ક્યાં વાત કરો છો
સર્પો ના આભૂષણો સજાવી તો જુઓ
સમુદ્ર મંથન કરી અમૃત આપ્યું શીવે ઝેરના ઘોટડા શિવની જેમ ભરી તો જુઓ
કેસુડાના રંગે રમ્યો કનૈયો
ચિતા ભસ્મ હોળી રમી તો જુઓ મારે ક્યાં હોળી ધુળેટી ની રાહ છે
હું તો રોજ રમુ મારા શિવ સાથે હોળી
ભક્તો વખાણે ગોકુળ વૃંદાવનની હોળી
મારે તો રમવી કાશીની ચિતા ભસ્મ હોળી....

ઉર્વી ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :373**
વિષય : રંગોનો તહેવાર - હોળી ધુળેટી
શીર્ષક : પ્રેમનો રંગ
પ્રકાર : પદ્ય શબ્દ : ૩૫

આજે ચડશે પ્રેમનો રંગ,
પ્રેમિકાના ભિંજાશે અંગ.

છેડાશે પ્રેમની સુંદર જંગ,
નહીં થાય કોઈ આજે તંગ.

પ્રેમમાં નહીં પડે કોઈ ભંગ,
પ્રેમીઓ ચાલશે સદા સંગ.

પ્રેમમાં બનશે ઘણાય અપંગ,
તે જોઈ બુજૂર્ગો રૈ જશે દંગ.

રૂપલ દવે "રૂપ"

# આજ રોજ બનાસકાંઠા જીલ્લા નું "શ્રી બનાસ કમલમ" કાર્યાલયનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના વરદ હસ્તે યોજાયું





## કાર્યકર્તાઓ માટે કાર્યાલય અધ્યતન બને તે કાર્યકર્તાઓના સાથ સહકાર વગર શક્ય નથી તે બદલ સૌને અભિનંદન. – શ્રી સી.આર.પાટીલ

વિધાનસભા પેટા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર બોલ્યા હતા કે પાટીલનો પાવર ઉતારવો છે પણ હું કહેવા માગું છું કે પાવર પાટીલનો નથી પાવર કાર્યકર્તાઓનો - લોકસભામાં કમી રહી ગઇ પણ હવે પસ્તાવો નહી પણ સંકલ્પ કરો કે હવે બીજી વખત આવું નહી થાય

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, બનાસકાંઠા જીલ્લાનુ શ્રી બનાસ કમલમ કાર્યાલયનુ લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના અને જીલ્લા પ્રમુખશ્રીના વરદ હસ્તે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ કાર્યાલયની મુલાકાત કરી અને કાર્યાલય ખાતે જળસંચયના ટ્યુબવેલનું ખાતમૂહર્ત પણ કરવામાં આવ્યું.

કાર્યલયના લોકાર્પણ પ્રસંગે શ્રી સી.આર.પાટીલજીએ સૌને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, કાર્યાલયન નિર્માણ અને તેની જરૂરિયાત એ ખૂબ મહત્વની વાત છે. વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ રાષ્ટ્રીય અધ્યક્ષ હતા તે સમયે ૭૦૦ જિલ્લામાં પક્ષનુ કાર્યલય બને તે માટે પ્રયત્ન શરૂ કર્યા અને તેમા ગુજરાત કેવી રીતે બાકાત રહી શકે કારણ કે ગુજરાત તો મોડલ કહેવાય. વડાપ્રધાનશ્રી મોદી સાહેબની કલ્પના હોય અને અમિતભાઇ સાકાર કરતા હોય તેમા ગુજરાત પાછળ ન રહે. કાર્યાલયના નિર્માણમાં આપ સૌ કાર્યકર્તાઓનો સાથ સહકાર રહ્યો છે.શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, કાર્યાલય એટલે કાર્ય કરવાનું સ્થળ. કાર્યકર્તાઓ માટેનુ કાર્યાલય અધ્યતન બને તે કાર્યકર્તાઓના સાથ સહકાર વગર શક્ય નથી તે બદલ સૌને અભિનંદન અને આભાર વ્યકત કરુ છું. કાર્યકર્તાઓને હમેંશા કહું છું કે આપણો જન્મ જ જીતવા માટે થયો છે. જીતના સંકલ્પ સાથે કાર્યકર્તાઓ કામ કરતા હોય ત્યારે તેમને હરાવવા સંભવ નથી. લોકસભામાં કમી રહી ગઇ પણ હવે પસ્તાવો નહી પણ સંકલ્પ કરો કે હવે બીજી વાર આવી ભૂલ ન થાય. વિધાનસભાની પેટા ચૂંટણી સમયે અપક્ષ ઉમેદવાર બોલ્યા હતા કે પાટીલનો પાવર ઉતારવો છે એટલે મે આજે કહ્યુ કે પાવર પાટીલનો નથી પાવર કાર્યકર્તાઓનો છે. આવનાર દિવસમાં પાર્ટીને વધુ મજબત કરવાની છે. આગામી ગ્રામપંચયાતની ચંટણીમાં ભવ્ય જીત મળે તે માટે આપણા કાર્યકર્તાઓ પ્રયાસમાં લાગી ગયા છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, જીલ્લાના કાર્યાલયમાં કાર્યકર્તાઓનો અધિકાર છે. અને કાર્યાલયમાં તમારા પર અધિકાર છે તેમ પાર્ટીનો પણ તમારા પર અધિકાર છે. ભાજપના કાર્યકર્તાઓ જે ખેસ પહેરે છે તે જ તેમને સન્માન આપવા માટેનું પ્રતિક બને છે, એટલે તમારા વાણી, વ્યવહાર કે વર્તનથી સન્માનમા ઉમેરો કરાવજો પણ ઘટાડો ન થાય તેનુ ધ્યાન રાખવા વિનંતી. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જળ સંચયના કાર્યને અગ્રીમતા આપવા આપણને જવાબદારી સોંપી છે. કાર્યાલયની અંદર રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટેની વ્યવસ્થા કરી છે. જળ સંચય એ જન ભાગીદારી સાથે જન આંદોલનમા પરિવર્તિત થવું જોઈએ તેનો આગ્રહ વડાપ્રધાનશ્રી મોદી સાહેબ રાખે છે. વરસાદી પાણીનો સંગ્રહ માટે જનતામાં કેવી રીતે જાગૃતિ વધે અને તેનાથી આપણને શું ફાયદો થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. રાજસ્થાન જે પહેલા પાણીની તકલીફથી પિડાતુ હતું તે આ યોજનાથી હવે સૌથી વધુ પાણીદાર રાજય બનશે તેવો વિશ્વાસ છે. વરસાદી પાણીના સંગ્રહ માટે કેવા પ્રકારનું સ્ટ્રકચર બનાવવું તે અંગે પણ માહિતી આપી હતી.

# ઈડરના ફિંચોડ ખાતે સાંસદશ્રી શોભનાબેન બારૈયાની અધ્યક્ષતામાં નવીન ગ્રંથાલય ભવનનો લોકાર્પણ સમારોહ યોજાયો





સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકાના ફિંચોડ ખાતે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગ્રંથાલય ખાતું ગુજરાત રાજ્ય તથા રાજા રામમોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન કલકત્તાના આર્થિક સહયોગથી શ્રી ગજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિતશ્રી હરિ સાર્વજનિક પુસ્તકાલયનો નવીન ગ્રંથાલય ભવનનો લોકાર્પણ સમારોહ સાંસદશ્રી શોભનાબેન બારૈયાની અધ્યક્ષતામા ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમા સાંસદશ્રી શોભનાબેન બારૈયા તેમજ ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરાએ રીબીન કાપીને નવીન ગ્રંથાલય ભવનનો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમા સાંસદશ્રી શોભનાબેન બારૈયાએ જણાવ્યું હતું કે લાઈબ્રેરીએ જાણકારી અને જ્ઞાનનો ખજાનો છે. લાઈબ્રેરીમાં ઘણા પ્રકારની પુસ્તકો, સામગ્રી અને સંસાધનો ઉપલબ્ધ હોય છે જે પ્રતિવ્યક્તિ માટે વિવિધ વિષયો પર જ્ઞાન મેળવવાનો ઉત્તમ માધ્યમ છે. તે ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.લાઈબ્રેરીમાં પ્રાચીનથી લઈને આધુનિક કાવ્ય, સાહિત્ય, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક વિષયો પર પુસ્તકો મળી શકે છે. આ માહિતીના આધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શોધકર્તાઓ માટે અમુલ્ય હોય છે.લાઈબ્રેરી એ એક શાંતિપૂર્ણ અને મૌન વાતાવરણ પૂરું પાડે છે, જ્યાં લોકો ધ્યાન કેન્દ્રીત કરી પોતાનું અભ્યાસ અથવા સંશોધન કરી શકે છે.આ સાથે જ ગ્રામ્ય સ્તરે આ નવીન ગ્રંથાલયનો પ્રયાસ સરાહનીય છે. આ કાર્યક્રમમા ઈડર ધારાસભ્યશ્રી રમણલાલા વોરાએ જણાવ્યું હતું કે સરકારશ્રી દ્વારા વાંચે ગુજરાત સહિતના વિવિધ પ્રોગ્રામો કરવામાં આવી રહ્યા છે. આ પુસ્તકાલય થકી આજુબાજુના ગામના બાળકો પણ લાભ લઈ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉતીર્ણ કરી ગામનું ગૌરવ વધારશે. આ કાર્યક્રમમા ગ્રંથાલય નિયામકશ્રી પંકજપૂરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે આજના આ કોમ્પ્યુટર યુગમા યુવાનોમા વાંચનનું મહત્વ વધે તે માટે આવા ગ્રંથાલય નિર્માણ મહત્વનું સ્થાન ધરાવે છે. આ સાથે દેશનું ભવિષ્ય એવા બાળકોમા વાંચન પ્રત્યે રસ વધે તે માટે પ્રાથમિક શાળાના બાળકો અઠવાડિયામા એક વાર આ પુસ્તકાલયની મુલાકાત લે તેવો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી ગજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી દિનેશભાઈ પટેલ, શ્રી ફીચોડ કેળવણી મંડળ પ્રમુખશ્રી કાંતિભાઈ પટેલ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પટેલ,માનદશ્રી ગ્રંથપાલશ્રી નારાયણભાઈ પટેલ સહિત વિવિધ અગ્રણીશ્રીઓ તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કલોલના વડસરમાં એરફોર્સ જવાને પિતાની હત્યા કરી



કલોલ તાલુકાના વડસર ગામે એસએમક્યુ નંબર ૧૫/૦૧ ૧૫ બીઆરડી એરફોર્સ સ્ટેશનમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એરફોર્સમાં ફરજ બજાવતા નરેન્દ્રકુમાર સુધનસિંઘએ પોતાના પિતાની હત્યા કરી નાખી છે.ઘટના મુજબ, નરેન્દ્રકુમારની પત્ની સાથે ત્રણ દિવસ પહેલા ઝઘડો થયો હતો. જેના કારણે તેમની પત્ની ઘર છોડીને જતી રહી હતી. આ બાબતે તેમના પિતા સુગંધસિંગ સાથે પણ વાદવિવાદ થયો હતો.ઉશ્કેરાયેલા નરેન્દ્રકુમારે ડમ્બલ્સ ઉચકવાના સળિયા વડે તેમના પિતા પર હુમલો કર્યો હતો. તેમણે પિતાના માથાના ભાગે સળિયા વડે મારતા ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઈજાઓના કારણે સુગંધસિંગનું મૃત્યુ નિપજ્યું હતું.એરફોર્સના ફરજ પરના અધિકારી જયવિંદકુમાર કમલપ્રસાદ શુક્લાએ આ ઘટનાની જાણ સાંતેજ પોલીસને કરી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

## ગાંધીનગરમાં નશામાં ધુત બનેલા યુવાનોએ રસ્તા પર ધમાલ મચાવી

ગાંધીનગરમાં ધુળેટીની રાતે દારૂબંધીના લીરાં ઉડાવતી ઘટના બની હતી. દારૂના નશામાં ધૂત ત્રણ યુવાનોએ વકીલ સાથે માથાકૂટ કરી હોબાળો મચાવ્યો હતો. સેક્ટર-૧૩ના કટ પાસે આ ઘટના બની હતી. આ ઘટનાના પગલે ગ- રોડ અંડરપાસ પાસે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સેક્ટર-૫/સીના રહેવાસી વકીલ દિપકકુમાર પ્રજાપતી તેમના મિત્ર સાથે કારમાં સેક્ટર-૧૬થી સેક્ટર-૧૩ તરફ જઈ રહ્યા હતા. રાત્રે પોણા દસ વાગ્યે ગ-૪ અંડરપાસ પાસે એક અલ્ટો કારના ચાલકે અચાનક ગાડી ઊભી રાખી દીધી હતી. વકીલે શાંતિથી ગાડી ચલાવવાનું કહેતા અલ્ટો કારમાંથી ઉતરેલા ત્રણેય યુવાનો ગાળાગાળી કરવા લાગ્યા હતા. એક યુવાને વકીલને બચકા ભરી લોહીલુહાણ કરી નાખ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓની ઓળખ જયમિન બારોટ (સરગાસણ), જયદિપસિંહ સોલંકી (વાવોલ) અને દિશાંત ચૌધરી (મહેસાણા) તરીકે થઈ હતી. સેક્ટર-૭ પોલીસે ત્રણેય આરોપીઓને પકડીને કાર્યવાહી હાથ ધરી હતી.નશામાં ધૂત યુવાનોએ વકીલ સાથે ઝઘડો કરીને લાંબા સમય સુધી માથાકુટ કરી હતી. પરિણામે કલાકો સુધી અંડરબ્રિજનો રસ્તો બંધ થઈ જતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. લોકોના ટોળાએ વચ્ચે પડી વકીલને બચાવ્યાં હતા.

## કેબલ ચોરીના ૬ ગુનામાં સંડોવાયેલા બે શખસની ધરપકડ

ગાંધીનગર એલસીબીએ બોરકુવામાંથી કેબલ ચોરીના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓને પાસા હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલમાં મોકલવામાં આવ્યા છે.

પકડાયેલા આરોપીઓમાં વિપુલ ઉર્ફે લલ્લો દશરથ દંતાણી અને અલ્પેશ પ્રહલાદ દંતાણીનો સમાવેશ થાય છે. બંને આરોપીઓ માણસા તાલુકાના હરણાહોડા ગામના રહેવાસી છે. તેઓએ માણસા અને મહેસાણા જિલ્લાના



લાંઘણજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ ૬ કેબલ ચોરીના ગુના આચર્યા હતા.

રેન્જ DIG વિરેન્દ્રસિંહ યાદવ અને જીઁ રવિ તેજા વાસમસેટ્ટીના માર્ગદર્શન હેઠળ એલસીબી ડી.બી. વાળાની ટીમે આ કાર્યવાહી કરી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા પાસા અટકાયતી વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા બાદ ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી

પોલીસના જણાવ્યા મુજબ, બંને આરોપીઓ વારંવાર કેબલ ચોરીના ગુના આચરવાની ટેવ ધરાવે છે. DGPના આદેશ અનુસાર, આવા અસામાજિક તત્વો સામે આગામી દિવસોમાં પણ પાસા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા. ૧૮ થી ૨૧ માર્ચના રોજ એલોપેથીક-આર્યુવેદિક-હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા.૧૮ થી ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં તા.૧૮ અને ૧૯ માર્ચના રોજ એલોપેથીક તેમજ તા.૨૦ અને ૨૧ માર્ચના રોજ આર્યુવેદિક-હોમિયોપેથિક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા.૧૮ માર્ચના રોજ મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ માટે અને તા.૧૯ માર્ચના રોજ બાકી રહેલા મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ માટે એલોપેથીક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે. તેવી જ રીતે તા.૨૦ માર્ચના રોજ મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ માટે અને તા.૨૧ માર્ચના રોજ બાકી રહેલા મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ માટે આર્યુવેદિક-હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે. આ મેડિકલ કેમ્પ વિધાનસભા સંકુલના ચોથા માળે સવારે ૮:૩૦ કલાકથી કાર્યરત થશે.

આ મેડિકલ કેમ્પમાં ઓપીડી ચેકઅપ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા કરવામાં આવશે. જેમાં જરૂરિયાત મુજબ બ્લડ રિપોર્ટ, યુરીન રિપોર્ટ, ઈસીજી જેવા વિવિધ ટેસ્ટ કરવામાં આવશે. સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા રિપોર્ટ અને વ્યક્તિ ચકસ્યા બાદ જો કોઈને વધારાના ટેસ્ટની આવશ્યકતા જણાય તો તે માટે જીઈજી, મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતે રિફર કરવામાં આવશે.

તદપરાંત યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટમાંથી હૃદયરોગના નિષ્ણાંત, ધી ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાંથી કેન્સરરોગના નિષ્ણાંત અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસીઝ અને રિસર્ચ સેન્ટરમાંથી કીડની રોગના નિષ્ણાંત જરૂરી સાધનસામગ્રી અને સ્ટાફ સાથે હાજર રહેશે. આ કેમ્પમાં ઓપ્થલમોલોજી, ઈએનટી, સ્કીન, ઓર્થોપેડિક, ગાયનેક, ડેન્ટલ, મેડિસિન, સર્જરી જેવા વિવિધ વિભાગોના નિષ્ણાંત ડૉક્ટરશ્રીઓ અને તેમની ટીમ સાધનસામગ્રી, દવાઓ અને લોજિસ્ટિક સાથે જીઈજી, ગાંધીનગરમાંથી ઉપસ્થિત રહેશે.

## રાજ્ય માં પવનની દિશા બદલાતા ગરમીમાં આંશિક ઘટાડાનો અનુભવ થશે

ગાંધીનગર/અમદાવાદ,

આવનાર દિવસો માટે હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં ગરમીમાં આંશિક ઘટાડો નોંધાયો છે અને પવનની દિશા બદલતા તાપમાન ૧-૨ ડિગ્રી ઘટ્યું છે, છેલ્લા ૪૮ કલાકમાં અમદાવાદમાં ૩૮.૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૭ .૪ ડિગ્રી, સુરતમાં ૩૯.૨ ડિગ્રી, અમરેલીમાં ૩૯.૪ ડિગ્રી, રાજકોટમાં ૩૮.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮.૩ ડિગ્રી,ડીસામાં ૩૮ ડિગ્રી, વડોદરામાં ૩૮ ડિગ્રી,કેશોદ ૩૮.૪ ડિગ્રી, ભુજમાં ૩૭.૪ ડિગ્રી,મહુવામાં ૩૭.૬ ડિગ્રી, ભાવનગરમાં ૩૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

ઉત્તર પૂર્વના પવનને લીધે અન્ય શહેરો માં ગરમીની અસર રહેશે. દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલ સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ દક્ષિણ ગુજરાતમાં ગરમી વધવાની સંભાવના પ્રબળ છે. એન્ટી સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થતા વાતાવરણમાં પલટો આવશે.

### તા.૨૨/૦૩/૨૦૨૫ના જાહેર રજાના દિવસે પણ

## રાજ્યની તમામ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રહેશે

ગાંધીનગર,

રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ જાહેર જનતાના હિતને ધ્યાનમાં રાખી તા.૨૨/૦૩/૨૦૨૫ના જાહેર રજાના દિવસે રાજ્યની તમામ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં (વૈકલ્પિક દિવસે કાર્યરત સિવાયની) દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. જેથી તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ રાજ્યની તમામ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં (વૈકલ્પિક દિવસે કાર્યરત સિવાયની) નિયમિત દિવસના જેમ જ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

## હિંમતનગરમાં પશુ-પક્ષીઓ માટે અનોખી પહેલ:સ્માઈલ ફાઉન્ડેશને ટોકન ભાવે ૪૦૦ પક્ષીઘર, ૧૦૦ પશુ ચાટ અને ૫૦૦ પાણીના કુંડાનું વિતરણ કર્યું

હિંમતનગરના મહાવીરનગર ચાર રસ્તે સ્માઈલ ફાઉન્ડેશન દ્વારા ઉનાળાની ગરમીમાં પશુ-પક્ષીઓના રક્ષણ માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.ફાઉન્ડેશન દ્વારા આજે સવારથી પક્ષીઘર, પશુ ચાટ અને પાણીના કુંડાનું ટોકન ભાવે વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત ૪૦૦ પક્ષીઘર, ૧૦૦ પશુ ચાટ અને ૫૦૦ પાણીના કુંડાનું વિતરણ કરાયું. પાણીના કુંડા રૂ. ૬૦ના બે નંગ, ચાટ રૂ. ૫૦નું એક અને રૂ. ૭૦ના બે પંખીના માળા લોકોને આપવામાં આવ્યા.સ્માઈલ ફાઉન્ડેશનના પ્રમુખ મગનભાઈ રબારીના જણાવ્યા અનુસાર, ગત રવિવાર અને આજ મળીને કુલ ૮૦૦ પક્ષીઘર, ૨૦૦ પશુ ચાટ અને ૧૦૦૦ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વિતરણથી મળતી આવકનો ઉપયોગ સેવાકીય કાર્યો માટે કરવામાં આવે છે.ફાઉન્ડેશન અન્ય સામાજિક કાર્યો પણ કરે છે. હિંમતનગરમાં દર રવિવારે ભૂખ્યાને ભોજન કરાવવામાં આવે છે. વિધવા બહેનોને કરિયાણાની કીટ, ધાબળા અને ચંપલ જેવી જરૂરી વસ્તુઓનું વિતરણ પણ કરવામાં આવે છે.આ સેવા કાર્યમાં સંસ્થાના પ્રમુખ મગનભાઈ રબારી ઉપરાંત યોગેશભાઈ શાહ, પી.એમ.સોની, અમિતભાઈ સોની, અબ્બાસભાઈ મુખી સહિત અનેક સેવાભાવીઓએ સક્રિય યોગદાન આપ્યું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.